# મહેસાણા જિલ્લામાં સરેરાશ ૭૫ % મતદાન




મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં આજે બીજા તબક્કાનું મતદાન થવા ગયું હતું. છેલ્લા ૪ વાગ્યાના સરરાશ આકડા જોવામાં આવે તો સમગ્ર મહેસાણા જિલ્લામાં ૬૬ % જેટલું મતદાન થવા ગયું છે. જ્યારે જિલ્લા છુટા છવાયા ચુંટણીની અદાવતમાં એક બનાવે રાજકારણ ગર્માવ્યું છે જ્યારે જિલ્લાની અસંખ્ય જગ્યા પર ઈ.વી.એમ ખોટ્વાયાના સમાચાર હાલમાં મળ્યા છે.

મહેસાણા જિલ્લામાં આજે ૭ વિધાનસભાની સીટ પર ૧૦૦ ઉમેદવારોએ પોતાની ચુંટણીમાં જીતની દાવેદારી કરી હતી જેમાં જિલ્લામાં નહી પરતું સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ મતદારો મહેસાણામાં નોધાયા હતા. ૩૪ ઉમેદવારોના કારણે મહેસાણામાં ૩ ઈ.વી.એમ મુકવાની ફરજ પડી હતી. જિલ્લામાં આજે મહેસાણામાં દરેક તાલુકામાં મતદાન શાંતિપૂર્ણ રીતે યોજવામાં આવ્યું હતું. પરતું વિસનગરમાં બે જુથો સામ સામે આવી જતા ૮ વ્યક્તિઓને ઈજા થવા ગઈ છે. જેમાં વિસનગર તાલુકાની પોલીસએ ચાપતો બંદોબસ્ત ગોઠવીને વધુ તજવીજ હાથ ધરી છે. જિલ્લામાં આજે મહેસાણા જિલ્લામાં ૫ જગ્યા પર ઈ.વી.એમ. ખોટવાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં મહેસાણાના સિધાર્થ સ્કુલ સહિત જી.ઈ.બી સહિત પાટીદાર વિદ્યાલયમાં ઈ.વી.એમ. કે પછી વી.વી પેટ મશીનમાં ગરબડીના અહેવાલ મળી રહ્યા હતા. જ્યારે વિસનગર સહિત કડી ખેરાલુ અને વિજાપુર સીટ સહિતમાં આજે ઈ.વી.એમ. બંધ થઈ જતા મતદારોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવાની ફરજ પડી હતી. જે જોતા સરકારી તંત્રની પોલ ખુલી જવા ગઈ હતી.

મહેસાણા જિલ્લામાં ૭ વિધાનસભામાં ૧૫૮૪૬૪૫ વ્યક્તિઓને મતદાન કરવાનું હતું. જેમાં ૧૦૬૭૫૪૩ વ્યક્તિઓએ આજે મતદાન કર્યું હતું. જે સંખ્યા સમી સાંજની ૪ વાગ્યા સુધીની હતી. જ્યારે સ્ત્રી કરતા પુરુષોએ મતદાન વિશેષ સંખ્યામાં મતદાન કર્યુંહતું. ખેરાલુ વિધાનસભા બેઠકના મલારપુર ગામના બુથમાં ઈવીએમ મશીન ખામી જોવા મળી હતી. મતદારો ૭ વાગ્યાના આવીને હેરાન થયા હતા. સ્થાનિક મતદારો મજુર વર્ગ હોવાથી રોસે ભરાયેલ જોવા મળ્યા હતા. ઊંઝા વિસોડ ગામ સહિત સતલાસણામાં ખેરાલુના ઇ.વી.એમ ખોટવાય હોવાની માહિતી મળી હતી. જ્યારે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાના માં.મંત્રી દિલીપભાઈ નેતાજી કોંગ્રેસ પાર્ટી વતી ગરીબ લોકોને પૈસાના જોરે ખરીદવાની કોશિશ કરી. ગેરકાયદેસર રીતે પૈસા વેચતા રંગે હાથે ઝડપાયા હતા. તે વિડીયો પણ વાયરલ થવા ગયો હતો. આશાબેન પટેલ કોંગ્રેસના ઉમેદવારે મતદાન કર્યું હતું. ઊંઝાના ભાજપના ઉમેદવાર નારાયણ પટેલે મતદાન કર્યું હતું.

બહુચરાજી અપક્ષ ઉમેદવાર કિરીટ પટેલ એ મતદાન કાર્યું હતું. સતલાસણા તાલુકાના સુદાસણા ગામના મતદાન મથક પર હોબાળો થવા ગયો હતો. પ્રિસાઈડિગ ઓફિસરે મતદારને ધક્કો મારતા લોકોએ હોબાળો કર્યો હતો. મહેસાણા જિલ્લાનું ૫ વાગ્યા સુધીનું ૭૫ ટકા મતદાન થયું છે. મહેસાણા જિલ્લામાં ૭ વિધાનસભામાં ૧૦૦ ઉમેદવારોના ભાવી ઇ.વી.એમ.માં સીલ થવા ગયા હતા..જિલ્લાનું સરેરાશ મતદાન આશરે ૬૯ % થવા ગયું છે. ૧૮મીએ ઉમેદવારોના ભાવિ ખુલશે.

## ઈવીએમ મશીનમાં ગોટાળા છે : કોંગ્રેસ ઉમેદવાર નથાભાઈ પટેલ

વિધાનસભા ની ચૂંટણી નું મતદાન આજે વહેલી સવાર થી જ શરુ કરી દેવામાં આવ્યું છે ત્યારે ધાનેરા વિધાનસભા કોંગ્રેસ ઉમેદવાર નથાભાઈ પટેલે મતદાન કરી પોતાની જીત નો દાવો કર્યો છે તો બીજી તરફ આક્ષેપ કરતા જમાવ્યું હતું કે ઈવીએમ મશીન માં ગોટાળા છે.



વિધાન સભા ની ચૂંટણી માટે દરેક પક્ષ ના દ્વારા એડી ચોંટી નું જોર લગાવી જીત ના દાવામ્છછ્ઠ આજે વહેલી સવાર થી મતદાન શરુ કરી દેવામાં આવ્યું છે અને લોકો શાંતિ પૂર્ણ માહોલ માં મતદાન કરી રહ્યા છે ત્યારે કોઈ અણબનાવ ન બને તે માટે તંત્ર દ્વારા પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે ત્યારે વિધાનસભા સીટ કોંગ્રેસ ના ઉમેદવાર નાથાભાઈ પટેલે ધાનેરા તાલુકા ના ધાખા ગામે મતદાન કર્યું હતું અને મીડિયા સાથે ની વાત ચિત્ત માં જણાવ્યું હતું કે ધાનેરા માટે વિસ્તાર માં સાંજ સુધી ૭૦ થી ૭૫ ટકા જેટલું મતદાન થશે અને ધાનેરા ધાનેરા સહીત ગુજરાત માં કોંગ્રેસ ની સરકાર બનાવનો દાવો કર્યો હતો.

તો બીજી તરફ કોંગ્રેસ ના ઉમેદવાર નઠાભા પટેલે જણાવ્યું હતું ઈવીએમ મશીન માં અત્યારથીજ ગોટાળા સામે આવી રહ્યા છે જયારે પણ ઈવીએમ મશીન ચકાસણી કરવામાં આવી રહી હતી ત્યારે મશીન માં ગોટાળા બહાર આવ્યા છે અને વધુ માં એ પણ જણાવ્યું હતું કે કેટલીક જગ્યાઓ ઉપર ઈવીએમ મશીન તાત્કાલિક બદલી મતદાન શરુ કર્યું છે ઈવીએમ મશીન ગોટાળા બાબતે અમારી ટિમ દ્વાર ધાનેરા ચૂંટણી અધિકારી નો સંપર્ક કરતા તેને જણાવ્યંય હતું કે આ બાબતે અમે ટિમ મોકલી તાપસ હાથ ધરી છે તો બીજી તરફ બંને પક્ષ ના ઉમેદવાર દ્વારા મતદાન કરી પોતાની જીત ના દાવા કરી રહ્યા છે પરંતુ કોણ જીતે અને કોણ હરે છે તેતો ૧૮ તારીખેજ ખબર પડશે.

## પ્રાંતિજ- તલોદ વિધાનસભા બેઠક પર શાંતિપૂર્ણ મતદાન

### પ્રાંતિજ-તલોદ તાલુકામાંથી ૭૩.૫૭ ટકા મતદાન યોજાયું : ૧૮મી ડીસેમ્બરે હિંમતનગર ખાતે મતગણતરી યોજાશે

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શાન્તિપુર્વક મતદાન યોજાયું હતું જેમાં ૨૯૬ બુથો પર મતદાતાઓએ ભારે ઉમળકાભેર મતદાન કરતાં રાજકીય પક્ષો તેમજ રાજકિય પંડિતો હાર- જીત ની શકાયતાઓ ના અનુમાન વચ્ચે ગોથાં ખાઈ જાય એવો ખેલ મતદારોએ પાડી દીધો છે.

પ્રાંતિજ- તલોદ ખાતે બીજા તબકકા ના મતદાનને લઈને કુલ- ૨,૩૭૦૦૦ મતદારો પૈકી પુરૂષો મતદાતાઓમાં ૧,૨૨૬૯૬ તેમજ સ્ત્રી મતદારોમાં મા ૧,૧૪૩૦૩ મતદારો માંથી ૭૩.૫૭ ટકા મતદાન થયું હતું તો નવે ઉમેદવારો ના ભાવી ઈવીએમ મશીનોમાં કેદ થયા હતા તો સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ભાગપુર થી મતદાન ક્યું હતું તો ચાલુ ધારાસભ્ય તથા કોંગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાએ ફતેપુર ખાતે મતદાન ક્યું હતું અને લોકો ને મતદાન કરવા જાગૃત કર્યા હતાં તો પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણએ વાધપુર ખાતે મતદાન કર્યું હતું જયારે ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર તલોદ ના વકતાપુર ખાતે મતદાન ક્યું હતું તો નગર પાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખે પ્રાંતિજ ખાતે મતદાન કર્યુ હતુ તો પ્રાંતિજ- તલોદ ના મતદારો દ્વારા આ વખતે કોને જીત નો શહેરો પહેરાવશે તે તો ૧૮ મી ડીસેમ્બર ના દિવસેજ ખબર પડશે પણ હાલતો ભાજપ- કોંગ્રેસ બન્ને પક્ષો જીતના દાવા કરતાં નજરે પડ્યા હતાં તો નિષ્ણાંતો ના મતે જો પ્રાંતિજ તલોદ માં ઓછું મતદાન થાય તો કોંગ્રેસ ને ફાયદો થાય તેમ છે અને ઉંચુ મતદાન થાયતો ભાજપ ને ફાયદો થશે જે હોય તે પણ હાલ તો મતદારો ના ભાવી મતદારોએ મત પેટી માં બંધ કરી દીધાં છે



તો આ વખતે યુવાનો વુધ્ધો તથા વિકલાંગોએ પણ મતદાન કર્યું હતું તો પ્રાંતિજ ખાતે ૯૫ વર્ષના વૃધ્ધાએ પણ મતદાન કર્યું હતું. તલોદ ખાતે મતદારો ઘસારો જોતાં ૧૮૯ બુથ ઉપર- ૮૫- કાપલી તથા ૧૮૮ બુથ ઉપર ૩૮ કાપલી આપી.

## અરવલ્લી જિલ્લામાં લોકશાહી ઉત્સવમાં લોકોનો અનેરો ઉત્સાહ

### જિલ્લાની ૩ બેઠકો માટે શાંતિપૂર્વક અંદાજે ૭૦ ટકા મતદાન : ૧૧થી વધુ બુથ પર ઈવીએમ મશીનો ખોટકાયા : ઈવીએમ મશીનો સ્પીડ ધીમા ચાલતા મતદારો પરેશાન

અરવલ્લી, તા. ૧૪

રાજ્ય વિધાનસભાની યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં આ ઈવીએમ-વીવીપેટ મશીન દ્વારા મતદાન કરી ભાવિ કેદ કરી દીધું હતું. મોડાસા વિધાનસભા બેઠક વિધાનસભા બેઠક પર કોંગ્રેસના અનિલ જોષીયારા, ભાજપના પી.સી.બરંડા અપક્ષ દિનેશ વિસાત, કરીને મતદાન કર્યું હતું.

અરવલ્લી જિલ્લામાં ત્રણે બેઠકો પર મતદાનના પ્રારંભે મહિલા મતદારોની લાંબી કતારો લાગી હતી તેમજ કેટલાક મતદાન બેઠકો પર મતદાન પ્રક્રિયા ધીમી




વખતે મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. ખાસ કરીને મહિલાઓ, યુવાનો ઉપરાંત વૃધ્ધો પણ મતદાન કરી લોકશાહીમાં ભાગીદાર બન્યા છે. અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠક પર ૨૧ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ-વિવિપેટ મશીનોમાં સીલ થયું હતું. કેટલાક ગ્રામવિસ્તારોમાં ઈવીએમ-વિવિપેટ મશીનો ખોટકાતા મતદારોમાં ઉગ્ર રોષ વ્યાપો હતો. મહદંશે જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થતા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. જિલ્લાની ત્રણ બેઠકો પર અંદાજે ૭૦ ટકા મતદાન નોંધાયું હતું.

અરવલ્લી જિલ્લાની ૩૦ ભિલોડા-મેઘરજ, ૩૧-મોડાસા- ધનસુરા અને ૩૨-બાયડ-માલપુર ત્રણ વિધાનસભા બેઠકો ઉપર સવારે ૮ કલાકે લોકશાહીના ચૂંટણી મહોત્સવમાં મતદાનનો ગુરુવારે સવારે ૮ કલાકે પ્રારંભ થયો હતો. જિલ્લાની ત્રણ બેઠકો પર ચૂંટણી લડતા ૨૧ ઉમેદવારોનું ભાવિ જિલ્લાના મતદારોએ ૧૦૪૧

પરથી કોંગ્રેસમાંથી ચૂંટણી લડતા રાજેન્દ્રસિંહ ઠાકોર અને ભાજપના ભીખુસિંહ પરમાર અને એનસીપીના મનોજ પટેલે ભિલોડા બાયડ વિધાનસભા બેઠક પર ભાજપના અદેસિંહ ચૌહાણ અને કોંગ્રેસના ધવલસિંહ ઝાલાએ પોતાના મતાધિકારનો ઉપયોગ સવારના ૩ કલાક સુધી મોટાભાગના બુથો ઉપર મતદારોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક બુથો પર

### મોડાસા તાલુકાના વરથુ ગામે કોંગ્રેસનું બટન દબાતું ન હોવાથી હોબાળો : ૧૧થી વધુ ઈવીએમ મશીનો ખોટકાયા

અરવલ્લી જિલ્લામાં સવારે ૮ કલાકે મતદાન શરુ થતાની સાથે ૧૧ થી વધુ બુથો પર ઈવીએમ-વીવીપેટ મશીનો ખોટકાતા મતદારોએ હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે મશીનો બદલી મતદાન પ્રક્રિયા પૂર્વરત કરાયા હતા. મોડાસા તાલુકાના વરથુ ગામે ઈવીએમ મશીનમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારનું બટન ના દબતા ભારે હોબાળો થયો હતો અને વાતાવરણ તંગ બનતા સુરક્ષા કર્મચારીઓ ઘટનાસ્થળે ધસી જઈ પરિસ્થિતિ કાબુમાં લઈ મશીન બદલવા તજવીજ હાથ ધરી હતી.



પડતા મતદાન કરવા આવેલા મતદારોને ખાસ્સો સમય કતારમાં ઉભું રહેવું પડતા મતદારોમાં છુપા રોષનો ગણગણાટ સાંભળવાની સાથે મોડાસાના મખદૂમ હાઈસ્કૂલમાં મતદાન ધીમું પડતા હોબાળો થતા પોલીસે તંત્ર દ્વારા પરિસ્થિતિ વણસે તે પહેલા મતદારોને સમજાવી પરિસ્થિતિ થાળે પાડી હતી. જિલ્લાની ત્રણેય બેઠકો પર બપોરના ૧ થી ૨ કલાક દરમિયાન મતદાન ધીમુ પડ્યુ હોવાના સંકેતો મળ્યા હતા પરંતુ છેલ્લા બે થી અઢી કલાક દરમિયાન મતદારોની કતારો લાગી હતી. લોકોમાં સ્વયં મતદાર જાગૃતિનો સંચાર થયો હોવાનું ચિત્ર જોવા મળ્યું હતું. મતદાનને અંતે જિલ્લામાં સરેરાશ અંદાજે ૭૦ ટકા મતદાન થયાનું જિલ્લા ચૂંટણી તંત્રના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ત્યારે કોણ કોને માત આપશે તે તો ૧૮ ડિસેમ્બર પરિણામના દિવસે ચૂંટણી લડતા ઉમેદવારોનું રાજકીય ભાવિ નક્કી થશે.







## હિંમતનગરમાં ઉત્સાહપૂર્વક મતદાન

હિમતનગરની ન્યુ એજ્યુકેશન હાઈસ્કુલમાં ગુરુવારે સવારે ભાજપના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાએ પરિવાર સાથે મતદાન કર્યું હતું. હિંમતનગરની માણેક કૃપા હાઈસ્કુલમાં ગુરુવારે સવારે દીવ દમણના પ્રશાષક પ્રફુલ પટેલે મતદાન કર્યું હતું. હિંમતનગરની ન્યુ એજ્યુકેશન અને જૈનાચાર્ય વિધાલયમાં ગુરુવારે પ્રથમવાર યુવક-યુવતીઓએ પોતાનો મત આપી લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. હિંમતનગરની એજ્યુકેશન હાઈસ્કુલમાં ગુરુવારે સવારથી જ મતદાન માટે લાઈન લાગી હતી. હિંમતનગરની મદ્રેસા હાઈસ્કુલમાં ગુરુવારે સવારથી લઘુમતિ વિસ્તારના મતદારોની મતદાન માટે લાઈન લાગી હતી.